# <u>ભારતીય મગફળી સંશોધન સંસ્થા (ICAR- IIGR )</u>
# <u>ઈવનગર રોડ, જૂનાગઢ, ગુજરાત</u>

ફાર્મ /હરાજી/૨૫-૨૬ /                                                                                    તારીખ: ૨૭-૦૧-૨૦૨૬

## <u>જાહેર હરાજી</u>

આથી રસ ધરાવતા સર્વે ને  જણાવવાનું કે ભારતીય મગફળી સંશોધન સંસ્થા  ઇવનગર રોડ, જૂનાગઢ ખાતે આવેલ ફાર્મ માં જાંબુ, ચીકુ તથા બહેડા ના ઝાડ પર આવેલ ફળો ની જાહેર હરાજી **તારીખ ૧૧-૦૨-૨૦૨૬ ને બુધવાર** ના દિવસે સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવેલ છે . આ હરાજી માં ભાગ લેવા માટે ઈચ્છુક વ્યક્તિઓ એ સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે . હરાજી માટે ની શરતો નીચે મુજબ છે

શરતો:

(૧.)  હરાજી માં ભાગ લેનાર વ્યક્તિઓ એ હરાજી ના સમયે  રૂ. ૫૦૦૦/- ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ જમા કરાવનારને જ હરાજીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે.

(૨). હરાજી માં અસફળ ઉમેદવારને હરાજી પૂર્ણ થયે ડીપોઝીટ ની રકમ  પરત કરવામાં આવશે.

(3). હરાજીમાં સફળ ઉમેદવારે હરાજીની કુલ રકમના ૨૫ ટકા રકમ  ડિજિટલ માધ્યમ અથવા ચેકના રૂપમાં તે જ દિવસે જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી સમયમર્યાદામાં જમા કરાવવાની રહેશે.

(૪). ફળો લઈ જવા માટેની સમય મર્યાદા , પ્રારંભિક કિંમત અને અન્ય જરૂરી શરતો હરાજી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૫ ) ફળાઉ ઝાડમાંથી ફળો ઉતરતા પહેલા રૂ. રૂ.2000/- અનામત તરીકે જમા કરાવવાના રહેશે. જો કોઇ પ્રકારનું નુકસાન થશે , તો અનામત ની રકમ કાપવામાં આવશે, અન્યથા હરાજીની અવધિ પૂર્ણ થયા પછી અનામત પરત કરવામાં આવશે.

( ૬) ફળો ઉતારી ને લઇ જવાનો સમય સવારના ૭ વાગ્યા થી સાંજના ૬ વાગ્યા સુધી નો રહેશે

(૭) ફળો ઉતારતી વખતે વાહન કોઈને નડતર રૂપ ન થાય એ રીતે રાખવાનું રહેશે

(૮) સમગ્ર હરાજી ની મુદત દરમ્યાન જો કોઈ કારણસર જરૂર પડે તો સુરક્ષા અધિકારી દ્વારા બોલાવવામાં આવે તો તુરંત હાજર થવાનું રહેશે.

(૯) હરાજી ના કોઈપણ સ્તરે કોઈપણ પ્રકારનું કારણ દર્શાવ્યા વગર હરાજી રદ કરવાનો અધિકાર નિયામકશ્રી નો રહેશે

**હરાજીની તારીખ : ૧૧-૦૨-૨૦૨૬ , બુધવાર , સમય: સવારે ૧૦.૩૦  કલાકે**

**હરાજી નું સ્થળ : ફાર્મ  વિભાગ, ભારતીય મગફળી સંશોધન સંસ્થા, ઇવનગર રોડ , જૂનાગઢ**

ફાર્મ મેનેજમેન્ટ સમિતિ

ભારતીય મગફળી સંશોધન સંસ્થાન,જૂનાગઢ